Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-1, Continuous Issue-17, January - February 2023

# સુંદરમની માનવતાવાદી વાર્તા : 'માને ખોળે'

સુન્દરમ્ ની વાર્તાઓમાં નગરજીવન અને ગ્રામીણ જેવાન બન્નેયનું આલેખન જોવા મળે છે. માનવ મન-તેના સંકુલ સબંધો, વિવિધ ઉચ્ચ જ્ઞાતિથી લઈને નિમ્ન-તળના વર્ગની દરેક કાળી-ધોળી બાજુઓને કલાસૂજ અને કલાકૌશલ્યને તે રજૂ કરી શક્યા છ. વાર્તાપ્રયોગોનું નાવીન્ય તથા પરંપરા સાથેનો અનુબંધ તેમની વાર્તામાં જોઈ શકાય છે. મારે જ સુંદરમ ગાંધીયુગનાં મહત્વ વાર્તાકાર છે. આવાં સુન્દરમ્ સાહિત્યમાં કવિ અને વાર્તાકાર બન્નેય ક્ષેત્રે પોખાય છે. વાર્તા ક્ષેત્રે તેમની ખોલકી, નાગરિકા, ગોપી, મને ખોળે, મીન પિયાસી, આશા વગેરે વાર્તાઓ જાણીતી છે. સુન્દરમ્ ની વાર્તાઓના સંપાદન વેળાએ સુરેશ દલાલે નોધ્યું છે કે 'માને ખોળે – આ એક જ વાર્તા સુન્દરમે લખે હોત તો પણ એમની ગણના નીવડેલા વર્તાકારમાં થી શકત' જેવું વિધાન 'માને ખોળે' વાર્તામાંથી પ્રસાર થતા સાચું લાગે છે. હવે તેમની આ કળાત્મક વાર્તા 'માને ખોળે વિષે જોઈએ.

સાસરિયાના ત્રાસથી બાપ જીવતો હતો ત્યાં લાગી દીકરી શબુને બચાવે છે. પણ 'રાંડીરાંડ માં' એકલી પડે છે ને શબૂનાં સાસરીએ વળામણા થાય છે. ઘર, કુટુંબ, ગામ-પરિવેશ બધુ પોતાના હૈયામાં ભરીને જતી શબૂને રસ્તામાં જ બાપડિયો પતિ તથા ક્રૂર સસરો મળીને મારી નાખે છે. મહેસાગર નદીનો પટ ઓળંગીને સામે કિનારે જતી શબૂને પોતાનું મૂળ છૂટી રહ્યું છે. જેનો અણસાર વાર્તાકારે એનકેન પ્રકારે વર્ણવ્યો છે. પોતાના ગામ-પ્રદેશ પ્રત્યેનું શબૂનું જોડાણ આત્મીય છે. જેનું આલેખન વાર્તાકરે કાવ્યાત્મક રીતે કર્યું છે. શબૂનાં પ્રાત્રના વર્ણનમાંથી પ્રગટતી નિર્દોષતા સરવાળે શબૂનાં પાત્રને વધુ કરુણ બનાવે છે. પોતાના પતિથી રક્ષાની અપેક્ષા રાખતી દરેક સ્ત્રીની જેમ શબૂ પણ રાખે છે. પરંતુ પતી-મેઘો શબૂની રક્ષા કરવી તે તો દુરાની વાત પણ શબૂનાં પેટમાં રહેલું 'હમેલ' પોતાનું છે, તેમ સુધ્ધા બાપની સામે બોલી શકતો નથી. બાપદીકરો મળીને શબૂને 'માને ખોળે' મારી નાખે છે. ગ્રામીણ નારીની કરુણતા, દામ્પત્ય જીવનની વિસંવાદિતા, સામાજિક જીવનની વિષમતાને વાર્તાકાર – સુન્દરમે સચોટતાથી આલેખી છે.

આ વાર્તામાં સુન્દરમે ગ્રામીણ જીવન, તેના પાત્રો, ત્યાંના સંસ્કારો, આચારવિચારો, રિવાજો, વ્યવહારો તથા પરિવેશને આલેખ્યો છે. વાર્તાના આરંભમાં શબૂને સાસરે ગામના ફળિયાવાળા વળામણા કરે છે તે સમયે પોતાના શરીરની કાળજી રાખવાનું તથા સાચવીને જવાની સલાહ આપે છે. ફળિયાનાં નાકા સુધી તેને વળાવવા જાય છે. તો ગામના રસ્તાઓનું વર્ણન, નદીના કાંઠાનું વર્ણન, પ્રકૃતિનું વર્ણન વગેરેમાં ગ્રામીણ જેવાન જીવંત થયું છે. નદીના કિનારાનો કાદવ, કંથારા, અનૂરી, ચણોઠીની લુંમો, ભેંસનો પોદળો, બોર, નદીની રેતીમાં રમેલી રમતો, મહીસાગર નદીમાં સહિયારો સાથે જોએલા મેઢા વગેરેનું વર્ણન વાર્તાકારે સચોટ રીતે કાવ્યાત્મક ભાષામાં કર્યું નાગીનું છે. જેમ કે 'બપોરે થયા હતા. કોતરની ટોચેથી નદીના પાણી ઝગારા મારતા દેખાતા હતા. નદીમાં ઝાર ઊતરવા લાગ્યો હતો. પાણી ઊતરી જવાથી ખુલ્લો થયેલો કિનારાનો કાદવ આરસી માફક તાગતગતો હતો. કોક એકાદ માણસની પગલી એમાં તાડ પાડતી ચાલી જતી હતી. શબૂએઆંખો ઉપર હથેળી ઢાબી સુરજના અજવાળામાં ઝંખાતી તેની આંખો સામી પારના ગામની લીલીઘેરી સીમ જોવા લાગી. '(સુન્દરમ્ ની શ્રેષ્ઠ વાર્તાઓ, સં.ચંદ્રકાંત શેઠ આદર્શ પ્રકાશન,અમદાવાદ ત્રીજું પુનર્મુદ્રણ:2008 પૃ.91)

ઉપરના ગદ્યખંડના વર્ણનમાં બપોરના સમયનું ચિત્ર ઉપસે છે.

વાર્તાના આરંભમાં શબૂને તેડવા આવેલા સસરા (રૂપા હોણ) તથા પતિની પાછળ વગર ઈચ્છાએ શબૂ ખેંચાઈને જાય છે. ને તે સમયે સસ્તામાં આવતા ઝાડ, નદી, કિનારો

વગેરેની સાથે શબૂનું આંતર જગત રજૂ થયું છે. શબૂની સાથે પતિ ચાલતો નથી તે બાપ સાથે જ ચાલે છે. ત્યાંથી ભાવકને પતિના ડરપોક સ્વભાવનો અણસાર આવી જાય છે. –ખ્યાલ આવી જાય છે. તથા શબૂનાં સસરા અને પતિ માટે વાર્તાકારે પ્રયોજેલ શબ્દ 'બાપદીકરો' સૂચક છે. નદીના કિનારે આવેલા બોર, ચણોઠી, અનૂરીને જોઇને તેને પોતાનું બાળપણ સંભારે છે. તો નદીનો ભેખળ જોઈને પોતે સહીયાર સાથે ઢોર ચરવા આવી હતી ને નદીની રેતીમાં જે રમતો રમી હતી તે બધું જ તેને યાદ આવે છે. આ સમયે તેને બધુ યાદ કેમ આવે છે ? તે પ્રશ્ન ભાવક અને શબૂ બન્નેય ને થાય છે. જેનો જવાબ અંતે મળે છે.

મહીસાગર નદીને ઓળગતા પહેલા સસરોને પતિ પાણી માથે ચઢાવતા નથી. પણ શબૂ તેને માથે ચઢાવ્યા બાદ નદીમાં પ્રવેશ કરે છે. નદીને પાર કરતી શબૂને પોતાનું મૂળ છોડીને પરદેશ જઈ રહી છે. એવો અનુભવ સતત થયા કરે છે. સામા કાંઠાનું બધું જ અજાણ્યું લાગે છે. પોતાને પાણી પીવું છે. પણ 'બાપદીકરો' તેની વાત સંભાળતા નથી. સસરાના મોટી વહુ સાથેના સંબધો ત્યાર બાદ તેનું નદીમાં તણાઈ જેઇને મરી જવું-જેવી સસરા માટેની વાતમાં શબૂ અને ભાવક બન્નેયને સસરા પ્રત્યે ધૃણા ઉપજે છે. તો 'બાકી સસરો તે કેવો ! સાવ રખાસ જેવો ! માણસ ગે મારી નાખતા એને વાર ણ લાગે !' (એજન, પૃ 95) જેવા શબ્દો તેના વ્યક્તિત્વાનો પરિચય કરાવે છે.

'જ્યાં ખીલો જ ઢીલો ત્યાં હું તે જોર કેટલું કરૂં!' (એજન, પૃ 96) આ શબ્દો શબૂ પતિ માટે કહે છે. તે યોગ્ય છે. આ ઉપરાંત 'અલ્યા હીજડા' જેવું રૂપા હોણ'નું સંબોધન મેધાના નમાલાપણાને વ્યક્ત કરે છે. વારંવાર પાણીની માંગણી કરતી શબૂને પાણી પરબ 'આ બાજુ છે' કહીને બીજી દિશામાં લઈ જાઈને થાકેલી શબૂને પતિ અને સસરો મળીને માને ખોળે પહોંચાડી દે છે. જેનું વર્ણન જુઓ –

'સસરાના ગાંઠાડા આંગળાવાળા વરુના પંજા જેવો હાથ તેના ધોઘરાની આસપાસ ભિડાયા.....તેના ગળા પર ભીંસ વધતી હતી. તેના પગ પછાડા મારવા લાગ્યા. તેનો વાર તે પકડવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેના ગાળામાં સોસ વધવા લાગ્યો. મહીસાગર પાણીમાં પોતે ડૂબકી મારતી હોય તેવું તેને ઘડીક લાગ્યું. તેની આંખો ખેંચાવા લાગી. તે ઘડીક એકદમ ખૂલી ગાઈ. તેના મોં પર સસરાનું વરુ જેવું મુછાળુંમોં ઝઝૂમી રહ્યું હતું. તેમાંથી બીડીની ગંધ આવતી હતી. એ મોની પાછળ જે થોડું આકાશ દેખાતું હતું તેમાં તેને દેખાયું કે એના બાપ જાણે હવામાં આમતેમ આંટા મારી રહ્યા છે, પોતાના વચ્ચાને પીંખી નાખતું જોતો કોઈ ગીધ ઊડતો હોય તેમ.' (એજન, પૃ 99) અંતે વારંવાર બાળકનો રડવાનો અવાજ સાંભળતી શબૂની આંખો મીંચાઈ જાય છે. શબૂ આ મૃત્યુ સમયના વર્ણન માટે વપરાયેલ ગદ્ય સંદર્ભે પ્રો.કે.જી.વાળા નોંધે છે કે "ગદ્યકારે અહીં ગૂંગળાતી શબૂનાં અનુભવને જાણે કે પારકયા – પ્રવેશ કરીને જાણી લીધી હોય એમ લખે છે તેના 'ગાળામાં સોસ વધવા લાગ્યો. મહીસાગરના પાણીમાં પોતે ડૂબકી મારતી હોય એવું તેને ઘડીક લાગ્યું.' એ કેટલું ઝીણું નિરીક્ષણ છે ! એ તો ઠીક પણ સસરાના મુખમાંથી આવતી બીડીની ગંધ જેવો ઘ્રાણેન્દ્રીયનો અનુભવ અને એના માથા પાછળથી દેખાતું ઉપરનું આકાશ જેવો ચક્ષુની ઈન્દ્રિયનો અનુભવ પણ અહી કેટલો ઝીણી નજરે અંકિત કરી આપ્યો છે ! ગદ્યકારના સામર્થ્ય માટે આપણે અવશ્ય એમને અભીનંદવા રહ્યા." (સ્નેહરશ્મિ અને સુન્દરમ્ ની વર્તાકાલા પ્રો. ડો.કે.જે.વાળા, પ્રવીણ પુસ્તક ભાદાર, રાજકોટ પ્ર.આ.2006, પૃ. 131)

વાર્તાના અંતે પરબવાળી સ્ત્રીને રૂપા હોણ (શબૂનો સસરો) આખો રૂપિયો' આપે છે. આ સ્ત્રી અચરજ-મુંઝાતી આંખે રૂપા હોણ પાછળ જોઈ રહે છે. પરબવાળી સ્ત્રીને રૂપા હોણ 'આખો રૂપિયો' આપે છે તે પ્રસંગને સુરેશ દલાલ જેવા અભ્યાસુ 'રૂપા હોણ પોતાની અપરાધી વૃત્તિને ભૂસવાનો પ્રયત્ન કરી રહ્યો છે' તેમ જણાવે છે. આ ભાવ એક અર્થમાં સાચો છે કેમ કે પરબવાળી સ્ત્રી તાકી જે જોઈ રહે છે તે બાબતમાં તેનું મન આ વાત સ્વીકારતું નથી કે આ માણસ 'આખો રૂપિયો' આપે.

વાર્તામાં આવતા વિવિધ સંકેતો વર્તાકળામાં ઉપકારક બન્યા છે. ગામમાંથી નીકળી વેળાએ લોકો કહે છે 'જાળવીને જજો' તે સમયે બિલાડી આડી ઊતરવું'. આગળ જતા કંથારનો કાંટો વાગવો'. કોતરમાંથી ઉતરતી વેળાનું 'ધૂળ ઉડવું' (શબૂ ગઈ' જેવો ભાવ પ્રગટ કરે છે), રેતીનો તપારો, 'ઝાંઝવા' તો વારંવાર 'બાળકના રડવાનો આવાજ સંભળાવો', 'સહિયરના છૈયાને રમાડવાની ઈચ્છા' અંતે 'સાવ રાખસ જેવો સસરો', પોતાનો ભૂતકાળ – બાળપણ યાદ આવવો વગેરે પ્રસંગો સંકેતાત્મક કે પ્રતિકાત્મક રીતે વાર્તામાં નિરૂપાયા છે.

રસ્તામાં ચાલતી વેળાએ શબૂને 'બોર' ખાવાની ઈચ્છા થવી તથા મૃત્યુના વિચારો આવતા તે સમયે ઉચ્ચારેલ પ્રશ્નવાક્ય 'તારો જ એકલીનો જીવ?' (સુન્દરમ્ ની શ્રેષ્ઠ વાર્તાઓ સં.ચન્દ્રકાન્ત શેઠ,આદર્શ પ્રકાશન,આમદાવાદ, પુનર્મુદ્રણ:2008 પૃ.98) આ પ્રસંગોમાં સભાન ભાવકને શબૂ ગર્ભવતી છે. જેનો અણસાર આવી જાય છે તો શબૂનાં બાપ સાથે ' ધાડ' માં ણ જતો ધણી અને અંતે શબૂનાં પેટમાં પોતાનું સંતાન છે એટલું પણ ના કહી શકતો કાયર, બાપડિયો પતિ અંતે જે બાપ-દીકરાના સંવાદો થાય છે. તેમાં વાર્તાનું કળાત્મક પાસું રજૂ થયું છે, જેમ કે..

"થોડે દુર ગયા પછી મોમાંથી ધુમાડા નો ગોટો કઢાતા બાપે દીકરાને કહ્યું : 'મેઘો,તે ભાળ્યું'તું ને ?'

'શું બાપા ?' થથરતે કાળજે છોકરો બોલ્યો.

'એના પેટમાં હમેલ હતા તે'

હા, બાપા ! પણ....!છોકરો બોલ્યો તે કંઇક વિશેષ બોલવા ઈચ્છતો હતો પણ કોક અદ્રશ્ય બીકનો માર્યો તે કશું બોલી ણ શક્યો અને બાપની પાછળ પગ ઢસડતો અર્ધો મૂડદા જેવો તે ચાલવા લાગ્યો." (એજન, પૃ.100)

મેઘાને કહેવું હતું પણ તે કહે શકતો નથી 'તે મુડદાની પેઠે ચાલે છે' એમ લખ્યું નથી પણ 'બાપની પાછળ પગ ઢસડાતો અર્ધો મુડદા જેવો તે ચાલવા લાગ્યો' (એજન, પૃ.100) આ શબ્દો વાર્તાકારની સબળ ભાષાને રજૂ કરે છે. પતિ મેઘાનું મૌન ભાવકને અકળાવનારું બને છે. તેથી અંત કરુણાને વ્યંજિત કરે છે. તેનાથી વાર્તાનો અંત વધુ ચોટદાર બન્યો છે. વાર્તાના કળાત્મક અંત વિષે ડો. રમણલાલ જોશી (પ્રસ્તાવનામાં) નોંધે છે કે 'છોકરો જે બોલી નથી શકતો તે વાચક મનોમન સમજી જાય છે. શબૂનું મડદું અર્ધો મુડદા જેવો વાર, રાક્ષસ જેવો-વરુ જેવો સસરો અને આકાશમાં ઊડતા ગીધ જેવો પતિ-સામાજિક પરિસ્થિતિમાંથી એક કલાકૃતિ વાર્તાકારે કંડારી કાઢી છે. વાર્તા પૂરી થતા મનમાં ખટકો રહી જાય છે. એક સુક્ષ્મ બેચેની આપણને ઘેરી વળે છે. પણ એ જ તો છે કલાનો કીમિયો, એની ફલશ્રુતિ પણ. (સુન્દરમ્ ની શ્રેષ્ઠ પ્રતિનિધિ વાર્તાઓ સં.ડો. રમણલાલ જોશી., પર.આ.1989, પૃ.10-11) છોકરો જે બોલી નથી શક્યો તેનો વસવસો બરાબર રીતે વ્યક્તિ થયો છે. માટે વાર્તા પૂરી થયા પછી ભાવકના મનમાં ચાલે છે. કદાચ પતિ બોલી શક્યો હોત કે શબૂના પેટમાં રહેલ સંતાન હમેલ નહી પણ પોતાનું છે !! મનુષ્ય જીવનમાં ભય, બીક વગેરે ભાવો કેવા ભાગ ભજવે છે ! તથા માણસના મનમાં ક્યારે રાક્ષસ વિચારો જન્મે છે ? તે કહી શકાતું નાથે. જીવન અકળ અને અગમ્ય છે. એ અર્થમાં વાર્તાનો અંત ચોટદાર છે.

વાર્તાનું શીર્ષક 'માને ખોળે' એ શબૂના અંતિમ શ્વાસ લોકમાતા-નદીના પટમાં લેવાય છે. તેનું મૃત્યુ નદીના ખોળામાં થાય છે. તથા શબૂનાં પેટમાં રહેલા સંતાનનો જન્મ થતો નથી તેનું મૃત્યુ પણ માના ખોળામાં ખોરડામાં (શબૂનાં પેટમાં) થાય છે. તે અર્થમાં 'માજે ખોળે' શીર્ષક સૂચક છે.

આ વાર્તાની સમગ્ર છાપ સંદર્ભ બાબુ દાવલપુરા નોંધે છે કે 'કૃતીપ્રયોજનને અનુરૂપ ચરિત્રસંવિધાન, સજીવ સાહજિક સ્પર્શક્ષમ પરિવેશનિર્માણ અને વ્યંજનાગર્ભ અંતના

સમુચિત આયોજન કૌશલને કારણે સુન્દરમ્ ની સર્જકપ્રતિભાનો એક સમૃદ્ધ ઉન્મેષ ચેતોહર રૂપમાં પ્રગટે છે. (વાર્તાવિમર્શ, બાબુ દાવલપુરા, દિવાઈન પબ્લીકેશન અમદાવાદ બીજી આવૃત્તિ : 2012 પૃ.17) આ શબ્દો વાર્તા સંદર્ભે યોગ્ય છે.

ગ્રામીણ સમાજ જીવન, તેની સમસ્યાઓ, સંકુલ સંબંધ તેના સંસ્કારો, રિવાજો તથા અસંખ્ય અરમાનો લઈને જતી શબૂ પતિ દ્વારા રક્ષાવાને બદલે તેના દ્વારા જ તેનું પતન થાય છે. જેવી કરુણ સંવેદનાને રજૂ કરતી સુન્દરમ્ ની ‘માને ખોળે’ કળાત્મક વાર્તા છે. તથા ‘આ એક જ વાર્તા પણ લેખકને ઉત્તમ વાર્તાકાર તરીકે યશ અપાવવા પુરતી છે’ જેવા ડો.રમેશ એમ.ત્રિવેદી મત સાથે સહમત થવું પડશે. અસ્તુ.

:: સંદર્ભસૂચી ::

1. સુન્દરમ્ ની શેષ્ઠ વાર્તાઓ, સં.ચંદ્રકાંત શેઠ આદર્શ પ્રકાશન, અમદાવાદ ત્રીજું પુનર્મુદ્રણ:2008

2. સુન્દરમ્ ની શેષ્ઠ વાર્તાઓ, સં.સુરેશ દલાલ આદર્શ પ્રકાશન, અમદાવાદ બીજું પુનર્મુદ્રણ:2007

3. (સુન્દરમ્ ની પ્રતિનિધિ વાર્તાઓ સં.ડો. રમણલાલ જોશી., પર.આ.1989,

4. સુન્દરમ્ (સર્જકપ્રતિભા શ્રેણી) ડો.રમેશ એમ.ત્રિવેદી આદર્શ પ્રકાશન, અમદાવાદ પ્ર.આ.2007

5. સ્નેહરશ્મિ અને સુન્દરમ્ ની વર્તાકલા પ્રો.ડો.કે.જે.વાળા, પ્રવીણ પુસ્તક ભંડાર.રાજકોટ પર.આ.

---

કામળિયા સંજયકુમાર બાલુભાઈ
પીએચ.ડી.સ્ટુડન્ટ (ગુજરાતી)